# પાલનપુર શહેર પોલીસની રહેમનજર તળે અસામાજિક તત્ત્વો બન્યા બેફામ

પાલનપુર, તા. ૮

પાલનપુર શહેર પોલીસની નિષ્ક્રિયતા વચ્ચે અસામાજિક તત્ત્વો માથું ઉચકી રહ્યા હોવાની રાવ ઉઠી છે. ત્યારે આજે રેલવે સ્ટેશન વિસ્તારમાં બેલીમનાળા પર અસામાજિક તત્ત્વોએ રહેણાંક વિસ્તારના રહીશો પર તલવાર અને છરી વડે હુમલો કરતા અફરાતફરી મચી ગઈ હતી. જેમાં પાંચ લોકોને ઈજા થતાં તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા.

પાલનપુર નગરપાલિકાની જગ્યા પર બેલીમનાળા પર દબાણની જગ્યામાં પાર્લર આવેલું છે. જ્યાં દારૂ વેચવા સહિતની અસામાજિક પ્રવૃત્તિઓ ચાલતી હોઈ રહેણાંક વિસ્તારના લોકો વાજ આવી ગયા છે. આજે સવારે ઠપકો આપવા ગયેલા રહીશો પર પાર્લર ચલાવતા અસામાજિક તત્ત્વોએ હિંસક હુમલો કરતા ચકચાર મચી જવા પામી હતી.

## પાલનપુરના બેલીમનાળા પાસે હિંસક હૂમલો



પાલિકાની દબાણવાળી જગ્યામાં પોલીસની રહેમનજર તળે દારૂ વેચાતો હોઈ લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વળી, એકલ દોકલ જતી યુવતીઓની છેડતી કરતા આવારા તત્ત્વો પણ અહી અડીંગો જમાવી બેસી રહે છે. જેઓને કહેવા જતા તેઓ સીધા હુમલા પર ઉતરી આવ્યા હોવાનું ફરીયાદી રસીદાબેન બેલીમે જણાવ્યું હતું.

જોકે, ઘોડો નાસી ગયા બાદ તબેલાને તાળું મારવાના પ્રયાસરૂપે દોડી આવેલી પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પોલીસે આ અંગે બંને પક્ષોની ફરીયાદ લઈ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસા પાલિકાની ચૂંટણીમાં ઈવીએમમાં ચેડાં કરાયા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

મોડાસા, તા. ૮

મોડાસા નગરપાલિકાની ચૂંટણીમાં ઈવીએમ સાથે ચેડા કરાયા હોવાનો આક્ષેપ વોર્ડ નં-૨ માંથી હારેલા કોંગ્રેસના ઉમેદવારોએ કર્યો છે. સાથે જ ચૂંટણી અધિકારી અને સ્ટાફ સામે પણ આક્ષેપો કરી પરિણામ ખોટુ જાહેર કરવામાં આવ્યુ હોવાના આક્ષેપ સાથેની એક રજૂઆત જિલ્લા ચૂંટણી અધિકારી સહિત મુખ્ય ચૂંટણી અધિકારી અને રાજ્યપાલ સમક્ષ કરવામાં આવી છે. જેના પગલે હજુ તો નગરપાલિકામાં સત્તા નક્કી થઈ નથી તે પહેલાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ કોંગ્રેસ દ્વારા ઈવીએમમાં ચેડા કરાયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે મોડાસા નગરપાલિકા વોર્ડ નં-૨ માંથી કોંગ્રેસના પરાજીત ઉમેદવારોએ ચૂંટણી અધિકારી અને મોડાસા નાયબ કલેક્ટરને એક અરજી કરી જાણ કરી છે કે જાહેર કરવામાં આવેલ પરિણામમાં આપ અને આપના તાબાના કર્મચારીગણ મારફતે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા કાયદા અને નિતિ નિયમો વિરૂધ્ધ, ખોટી અને ગેરકાયદેસર રીત રસમો અને ગેરરિતી અજમાવી એક તરફી કરવામાં આવી છે. ચૂંટણી અધિકારી પર એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે ઈરાદાપૂર્વક બંધ આશયથી ઈવીએમ મશીનો સાથે ચેડા કરી શાસકપક્ષ ભાજપની તરફેણમાં વોર્ડ નં-૨નું પરિણામ ખોટુ જાહેર કરવામાં આવેલ છે. જેથી કાયદાની જોગવાઈઓ મુજબ સક્ષમ અદાલતમાં તેને પડકારવું જરૂરી બનેલ છે. આવા સંજોગોમાં મોડાસા નગરપાલિકા વોર્ડ નં-૨ અંગેનું ચૂંટણી પ્રક્રિયાનું તમામ અસલ રેકર્ડ તથા ઈવીએમ મશીનો કેબલો સહિત અપીલ પીરીયડ દરમિયાન સીલબંધ હાલતમાં રાખવા માંગ કરવામાં આવી છે. એક તરફી રીતે જાહેર કરાયેલ ચૂંટાયેલા ઉમેદવારો બાબતે આગળની કોઈપણ પ્રકારની કાનુની પ્રક્રિયા ન કરવા પણ માંગ ઉઠાવવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા ચૂંટણી અધિકારી અને ચૂંટણીમાં સંકળાયેલ સ્ટાફ ઉપર ગેરરિતીના ગંભીર આક્ષેપો કરાતાં ખળભળાટ મચી ગયો છે.

# રાજયમાં સિંચાઈ અને ગૃહવપરાશ માટે ૯૮ ટકા પાણી અપાય છે : નિતિન પટેલ

ગાંધીનગર, તા. ૮

રાજ્ય સરકારના પ્રવકતા આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે ગુજરાતમાં સરકાર સિંચાઈ માટે પીવાના ઉપયોગ માટે અને ઊદ્યોગોને કેટલું પાણી આપે છે તે આંકડા જાહેર

## કોંગ્રેસના આક્ષેપના જવાબમાં સરકારના પ્રવક્તા મંત્રીએ કહ્યું કે ઉદ્યોગોને માત્ર બે ટકા જ પાણી અપાય છે

કરવાની વિપક્ષ કોંગ્રેસના પ્રવકતા મનિષ દોશીની માંગણીનો સ્પષ્ટ જવાબ આપતાં જણાવ્યું છે કે, ગુજરાતમાં ભાજપાની સરકારના શાસનમાં૯૮ ટકા પાણી સિંચાઈ અને ઘર વપરાશના હેતુ માટે આપીએ છીએ. ઔદ્યોગિક હેતુ માટે ફકત ૨ ટકા જ પાણી આપવામાં આવે છે.

રાજ્ય સરકારના આ આંકડાઓએ કોંગ્રેસીઓની ખોટા અપપ્રચાર પોલ ખૂલ્લી પાડી દીધી છે. તેમણે ઉમેર્યુ કે કોંગ્રેસના રાજમાં૫૦-૫૦ વર્ષો સુધી પાણી વિતરણનું અણઘડ આયોજન રહેલું અને સૌરાષ્ટ્ર-કચ્છ-ઉત્તર ગુજરાતમાં પીવાના પાણી માટે ટેન્કરો દોડાવવા પડતાં, પાણી માટે બેડા યુધ્ધ અને રમખાણો થતાં એ વાત કોંગ્રેસ પ્રવકતા આવું બેહૂદુ અને પાયા વિનાનું નિવેદન કરતાં સાવ વિસરી ગયા છે.

ગુજરાત રાજ્યમાં સરદાર સરોવર ડેમ આધારિત પાણીના વપરાશ માટે કુલ ૨૮ મિલીયન એકર ફીટ ફાળવણીમાંથી ગુજરાતના ભાગે ૯ મિલીયન એકર ફીટ પાણી આવે છે.

ખેડૂતોના હિતોને વરેલી ભાજપા સરકારે સિંચાઈ માટે ૭૬ ટકા એટલે કે ૩,૯૧૦ મિલીયન ક્યુબિક મીટર પાણી નર્મદાનું ૨૦૧૫માં તથા ૨૦૧૫-૧૬ માટે ૧૦હજાર મિલીયન ક્યુબિક મીટર પાણીની ફાળવણી કરી છે જે ૮૭ ટકા જેટલી છે.

ગુજરાતમાં ભાજપા સરકારે પાણી વિતરણ-વ્યવસ્થાપનની જે સુદ્રઢ અને સરળ વ્યવસ્થા ગોઠવી છે તેના પરિણામે રાજ્ય સરકાર ૧,૦૦૦ લીટર દિઠ રૂા. ૧૬ થી ૨૫નો વહન ખર્ચ પોતે ઉપાડીને ગ્રામ પંચાયતોને માત્ર રૂા. ૨ પ્રતિ ૧૦૦૦ લીટર, નગરપાલિકાઓને રૂા. ૪ પ્રતિ ૧૦૦૦ લીટર અને મહાનગરોને રૂા. ૬ પ્રતિ ૧,૦૦૦ લીટર પાણી આપે છે. તેમજ રાજ્યના નગરો-મહાનગરો અને ગામો પોતાના સ્થાનિક પાણીના સ્રોત મારફતે પણ ઉપલબ્ધ પાણી મેળવે છે.

## શાહપુરથી કોબા માર્ગ પર અંધારપટ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર - કોબા માર્ગ પર કરોડોના ખર્ચે લગાવેલી સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે. શિયાળાની કડકડતી ઠંડીમાં માર્ગ પરની લાઈટો બંધ રહેતા લોકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. જ્યારે અંધારપટને કારણે આ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.ગાંધીનગર-કોબા માર્ગ પર છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે. લાઈટો બંધ હોવાથી આ વિસ્તાર સાંજ પડતાં સૂમસામ બની જાય છે. તંત્ર દ્વારા જાળવણીના અભાવે આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા વાહનચાલકો અને ન્યુ ગાંધીનગર વિસ્તારના લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવે છે. જ્યારે શિયાળાની કડકડતી ઠંડી અને અંધકાર હોવાથી અસામાજિક તત્ત્વોને પણ મોકળું મેદાન મળી જાય છે ત્યારે અમદાવાદ ગાંધીનગર ટ્વીન સિટી બનવા જઈ રહ્યું છે.

# બનાસ ડેરીમાં પરથીભાઈ ભટોળના શાસનમાં દૂધના ફેટ-એસ.એન.એફ.માં મંડળીઓને થતી કનડગત

પાલનપુર, તા. ૮

બનાસકાંઠા જીલ્લાની જીવાદોરી સમાન બનાસ ડેરીમાં દૂધ ભરાવતી દૂધ મંડળીઓને દૂધના ફેટ અને એસ.એન.એફ. (સોલીડ નેચરલ ફેટ) ના મામલે તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા અનેક પ્રકારની કનડગત કરવામાં આવતી હોવાનું ચૂંટણી દરમ્યાન બહાર આવ્યું છે. ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળના શાસનમાં માત્ર ૦.૧ ટકાના ફેરમાં મંડળીના કુલ ભરાયેલા દૂધના ૭૫ ટકા રકમની ડેરી દ્વારા કપાત કરી દેવામાં આવતી હોવાથી પશુપાલકોને મોટુ આર્થિક નુકશાન થતુ હતું અને બનાસ ડેરી આવા દૂધને પુરેપુરી રકમ

## માત્ર ૦.૧ ટકાના ફેરમાં ૭૫ ટકા રકમની કપાત કરાતા દૂધ મંડળીઓ-પશુ પાલકોને નુકશાન

વસુલી લેતી હતી.

ધી બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર (બનાસ ડેરી) માં છેલ્લા ૨૫ વર્ષ ઉપરાંતના સમય સુધી એક હથ્થુ શાસન ચલાવનાર તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા બનાસ ડેરીમાં અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર, કમિશનખોરી તેમજ કર્મચારીઓની ભરતી બાબતેના અનેક કૌભાંડો આચર્યા છે. સાથે સાથે બનાસ ડેરી હસ્તકની મંડળીઓને પણ સામાન્ય બાબતોમાં મોટી કનડગત કરી હેરાન કરવામાં કોઈ કચાશ રાખી નથી. હાલમાં બનાસ ડેરીની ચૂંટણીનો માહોલ હોઈ પરથીભાઈ ભટોળ દ્વારા દૂધ મંડળીઓને કરાતી હેરાનગતી બહાર આવવા પામી છે.

બનાસ ડેરી દ્વારા દૈનિક દૂધ કલેકશન માટે ૧૫૦૦ થી વધુ દૂધ મંડળીઓ છે. જે પશુપાલક પાસેથી ડેરી દ્વારા નિયત કરાયેલ ફેટ અને એસ.એન.એફ ના ભાવ મુજબ દૂધ ખરીદે છે. ત્યારે તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળના શાસનમાં બનાસ ડેરી દ્વારા જો મંડળીમાંથી દૂધનું એસ.એન.એફ. ૮.૫ કે તેથી વધુ હોય તો જ મંડળીને પુરો ભાવ આપે છે. અન્યથા જો માત્ર ૦.૧ એક ટકાનો ઘટાડો એટલે કે ૮.૪ કે તેથી નીચે એસ.એન.એફ. હોય તો દૂધ હલકુ ગણીને ૭૫ ટકા રકમ કાપી લેવામાં આવે છે. જો કે, બનાસ ડેરીને તો આવા સામાન્ય ફરકમાં પુરેપુરી રકમ મળે છે. જેથી દૂધ મંડળીઓ અને પશુ પાલકોને મોટુ આર્થિક નુકશાન થાય છે.

આ અંગે અનેક દૂધ મંડળીઓ આવા તદન નજીવા ફેરફારથી કરોડો રૂપિયાનું આર્થિક નુકશાન વેઠી ચૂકી છે. જેથી સીધી અસર પશુપાલકોને મળતા દૂધના ભાવ ઉપર પડતી હોવાથી પશુપાલકોને ખોટી રીતે નુકશાન ભોગવવાનો વારો આવ્યો હતો.

### ગણોત ધારામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જમીનની કિંમતના પ્રમાણમાં ઈક્વિટી ભાગરુપે લેવી હોય તો જમીન ખરીદનાર પાસેથી મેળવી શકે તેવી જોવગાઈ પ્રવર્તમાન કાયદામાં નથી. હવે ગુજરાત સરાકરે દેશમાં સૌપ્રથમવાર ઐતિહાસિક સુધારો કરીને જો ઉદ્યોગના હેતુ માટે જમીન ખરીદનાર ઉદ્યોગકાર જમીન વેચનાર ખેડૂત ઈચ્છે તો જમીનની કિંમતના પ્રમાણમાં ખેડૂત ઈચ્છે તેટલી ઈક્વિટી-ભાગરુપે જમીન આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આના પરિણામે ખેડૂત તેમજ ઉદ્યોગકાર બંનેને પરસ્પર ભાગીદારીની તક ઉભી થતાં બંને માટે વિન-વિન સિચુએશન ઉભી થશે અને રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં તે પ્રેરકબળ બનશે. કેટલાક કિસ્સાઓમાં ખેડૂતો દ્વારા શુદ્ધબુદ્ધિપૂર્વક ખેતીની જમીનો ખરીદવામાં આવે છે પરંતુ તેની અગાઉના વેચાણ વ્યવહારોમાં વચ્ચે બિનખેડૂત આવી ગયા હોવાના કારણે હાલના ખેડૂત કબજેદારને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આ મુશ્કેલીનું નિવારણ લાવવાના હેતુથી રાજ્ય સરકારે જે સુધારો કર્યો છે તે અનુસાર ખેતીની જમીન માટે ૩૦-૬-૨૦૧૫ અથવા તે પહેલાની તબ્દીલીઓ પૈકી જો કોઈ તબદીલી/તબદીલીઓ બિનખેડૂતની તરફેણમાં થયેલ હોય તો તે તબદીલી ધ્યાને લીધા સિવાય હાલના કાયદેસરના ખેડૂત ખાતેદાર પાસેથી જંત્રીના ૧૦ ટકા લેખે રકમ વસુલ કરીને તેની તરફેણમાં થેયલ છેલ્લો વ્યવહાર માન્ય કરવા અને આવા ખરીદનાર સામે જો શરતભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ હોય તો આવી કાર્યવાહી પડતી મુકવાનીરહેશે. આના કારણે ખેડૂતોને ખુબ જ સરળતા રહેશે તથા તેમની મુશ્કેલીઓનો અંત આવશે.

### રાજકોટની ટીમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામેલ હોવાના કારણે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત જસ્ટીસ આરએમ લોધાની સમિતિએ તપાસ બાદ બન્ને ટીમોને સસ્પેન્ડ કરી દીધી હતી. સસ્પેન્ડની અવધિ પૂરી થયા બાદ બન્ને ટીમો આઈપીએલમાં સામેલ થઈ શકશે. વચગાળાની ટીમો પોતાના હિસ્સાના ખેલાડીઓને લેવા માટે પહેલા એક ડ્રાફ્ટમાં ભાગ લેશે. ચેન્નાઈ અને રોયલ્સના ખેલાડીઓને બે ભાગમાં વહેંચી દેવાશે. ટોચના ખેલાડીઓનું વેચાણ ડ્રાફ્ટ મારફતે કરવામાં આવશે. બે નવી ટીમોની પાસે ખેલાડીઓને ખરીદવા માટે લઘુત્તમ ૪૦ કરોડ અને મહત્તમ ૬૬ કરોડ રૂપિયા રહેશે.

### નિરિક્ષણ કર્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિર્માણ કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે. ત્યારે સેકટરમાં ટાવર કોલોની બનાવવાના મામલે યોગ્ય લોકેશનની પસંદગી માટે મથામણ શરૂ કરી દેવામાં આવી છે. સે-૨૯ અને ૩૦ છેવાડાના સેકટર હોવાથી હવે સે-૭ કે સે-૧ ૩માં ટાવર કોલોનીના પાયા ખોદવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. વિભાગના મુખ્ય ઈજનેર તેમજ અન્ય અધિકારીઓએ સ્થળ પર રાઉન્ડ લઈ આ મામલે જરૂરી અભ્યાસ પણ કર્યો હતો. આ મામલે જગ્યાની માપણી પણ કરવામાં આવી હતી.જો કે ટાઉન પ્લાનીંગનો અભિપ્રાય મેળવી આ અંગે આખરી નિર્ણય લેવાશે.

### અસહિષ્ણુ છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ થી ૧૬ ટકા મતોનું સ્વીંગ થયું છે.

કપાસના ટેકાના ભાવ અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં વાઘેલાએ જણાવ્યું હતું કે અમે ચૂંટણીના દિવસોમાં કહ્યું હતું કે ખેડૂતોને ન્યાય મળતો હોય તો અમે આચાર સંહિતા ભંગને લઈ કોઈ રજુઆત નહિ કરીએ ખેડૂતોને ન્યાય આપો. હવે બજારમાં રૂની માંગ વધી છે ત્યારે ભાવ સુધારણાની વાત બગડેલુ સુધારવા જેવું છે. અગાઉ લોકસભા વખતે ૧૫૦૦ રૂ. ભાવ મળવો જોઈએ તેવી જાહેરાતો કરી ખેડૂતોની લાગણીને ભડકાવનારાઓના શાસનમાં જ ખેડૂતોને ભાવ મળતા નથી.

### સાત વર્ષમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ઉદ્યોગકારની અરજીના કારણે વધુ બે વર્ષ કોઈપણ રકમ વસૂલ લીધા સિવાય ધરાવી શકાશે તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે.આ વધારેલી મુદત સહિત કુલ સાત વર્ષની મુદત ઉદ્યોગ શરૂ કરવા માટે ખરેખર પુરતો સમયગાળો બનશે.

### સર્કલ બનાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુલક્ષી વિશેષ પ્રકારનુ લાઈટીંગ પણ કરવામાં આવશે. સરદાર પટેલની પ્રતિમા વિધાનસભા સાઈટ મુકવામાં આવી છે. ૩૦ ફુટની આ પ્રતિમાને પણ પોલીશીંગ કરવાનુ કામ કરાશે. આ કામગીરી બે મહીનામાં પુર્ણ કરી દેવાશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨૫ લાખનો ખર્ચ કરાશે.

### હેરાલ્ડ કેસમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાહુલ ગાંધીને ટ્રાયલ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવા માટેનો આદેશ કર્યો હતો. ટ્રાયલ કોર્ટ દ્વારા કોંગ્રેસના ટોપના નેતાઓ સામે જારી કરવામાં આવેલા સમન્સને યોગ્ય ઠેરવતા હાઈકોર્ટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેવામાં આવી હતી. કોંગ્રેસની એવી દલીલ રહી છે કે, નેશનલ હેરાલ્ડ કેસમાં યંગ ઈન્ડિયા લિમીટેડમાં કોઈપણ ગેરરીતી થઈ નથી. નેશનલ હેરાલ્ડ ન્યુઝપેપર હાલમાં નિષ્ક્રિય સ્થિતિમાં છે. ગયા સપ્તાહમાં દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસના નેતાઓની અરજી ઉપર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. ૨૬મી જુનના દિવસે ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા સમન્સને રદ કરવાની માંગણી કોંગ્રેસના નેતાઓ દ્વારા કરાઈ હતી.

## ગુલમોર

(૪ પાનાનું ચાલુ...)

માનીને તેને તત્કાળ મારી નાખવા, ફેંકી દેવાનું નક્કી કરી દીધું. પરંતુ એવામાં જ આકાશવાણી થઈ કે "જેમના ખોળામાં આ બાળકને મૂકશો ત્યારે એ વ્યક્તિના દિવ્ય પ્રભાવના કારણે બાળકના વધારાના અંગો ખરી પડશે અને જેના ખોળામાં બેસાડશો એજ વ્યક્તિ સમય જતા આ બાળકના મોતનું કારણ બનશે અર્થાત તેજ વ્યક્તિ આ બાળકને સમય જતા મારી નાખશે."

બાળકના જન્મ પછીના સમયમાં અચાનક જ એક વાર ભગવાન શ્રીકૃષ્ણ રાજવી દમઘોષના ત્યાં જઈ પહોંચે છે. આ વખતે ફોઈબા પોતાના પુત્રને ભગવાનના ખોળામાં બેસાડે છે. આથી બાળકના વધારાના બે હાથ અને એક આંખ તરત જ ખરી પડ્યા. હવે બાળક સામાન્ય દેખાવવાળો થઈ ગયો. ત્યારે જ ફોઈબા પોતાના ભાણા ભગવાન શ્રીકૃષ્ણ પાસે વચન-વરદાન માગે છે કે "તું આ બાળકને કોઈ પણ કાળે મારીશ નહીં."

ભગવાને કહ્યું કે "સારુ, હું નહીં મારું એવું વચન અવશ્ય આપુંછું. પરંતુ હું તેના ૧૦૦ ગુના માફ કરીશ. એ પછી જો ૧૦૦થી વધુ ગુના એ કરશે તો હું તેને મારી નાખીશ, મૃત્યુદંડ આપીશ, ૧૦૦ અપરાધ પુરા થયા પછી હું કોઈ ક્ષમા નહીં આપું. આ મારું વચન છે."

આમ તો ભગવાન શ્રીકૃષ્ણને ૧૬,૦૦૦ રાણીઓ છે પણ ભગવાનની પટરાણી, મહારાણી એક માત્ર રાણી રુકમણિજી છે. રુકમણિજીની શિશુપાલ સાથે જોડાયેલી એક ઉપકથાની પણ વાત કરીએ. રુકમણિજી એટલે વિદર્ભના રાજા ભીષ્મકની રાજકુમારી-પુત્રી. રાજા ભીષ્મકના રાજકુમારનું નામ રુકિમ. વિદર્ભનાં રાજકુમારી રુકમણિજી સાથે શિશુપાલનો વિવાહ કરવાનું નક્કી થયું હતું પરંતુ રુકમણિજીની ઈચ્છા ન હતી આથી રુકમણિએ ભગવાન શ્રીકૃષ્ણને સંદેશો મોકલાવ્યો હતો કે "તમે મારું હરણ કરી જાઓ." ભગવાન શ્રીકૃષ્ણ રુકમણિજીનું હરણ કરી લાવ્યા અને તેમની સાથે વિવાહ કર્યો.

જ્યારે પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો, ત્યારે શિશુપાલ પણ આવ્યો હતો. એ વખતે યજ્ઞમાં અગ્રપૂજા યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણ પાસે કરાવી. યજ્ઞના આરંભની પૂજા ભગવાન પાસે કરાવવામાં આવી એથી શિશુપાલ નારાજ થયો અને ભગવાનને જેમ-તેમ બોલવા લાગ્યો. આ વખતે હાજર ભીષ્મપિતામહને પણ શિશુપાલે અપમાનજનક ઉચ્ચારણો કર્યા અને અપશબ્દો બોલ્યા.

ભગવાનને શિશુપાલે ૯૯ વખત અપમાનિત કર્યા ત્યાં સુધી ભગવાને રાહ જોઈ અને ધીરજ તથા સંયમ રાખ્યો અને ભગવાન તેને માફ પણ કર્યો. પરંતુ શિશુપાલે ૧૦૦મી વાર પણ અપશબ્દો બોલીને અપમાન કર્યું. છેવટે ૧૦૦ વખત શિશુપાલને માફ કર્યા બાદ ભગવાને સુદર્શન ચક્રથી શિશુપાલનું માથું ધડથી અલગ કરી દીધું અને શિશુપાલનો વધ કર્યો શિશુપાલના પરિવારની પણ વાત કરીએ. શિશુપાલને ચાર પુત્ર અને એક પુત્રી. શિશુપાલના ચાર પુત્રોમાં ધૃષ્ટકેતુ, સુકેતુ અને અન્ય બે પુત્રનો સમાવેશ થાય છે. પુત્રીનું નામ રેણુંમતી. પાંચ પાંડવમાં સૌથી નાના ભાઈ નકુલ સાથે પાછળથી રેણુંમતીનો વિવાહ કરાવવામાં આવે છે. મૂળ વાત ટોલરન્સ-ઈન્ટોલરન્સની છે. સહનશીલતા વિરુદ્ધ અસહિષ્ણુતા. પ્રેમ હો યા કોઈ પણ સંબંધ, ક્યારેક તો તમારી ધીરજનો અંત આવે છે અને તમારે પણ ભગવાન શ્રીકૃષ્ણની માફક તમારી સહનશીલતાની પરીક્ષા આપવા તૈયાર થવું જ પડે છે.

**સ્ટોપર :**

**"ક્યાં સુધી હોઠોમાં ભીંસાતો રહું? શબ્દ છું, છટકું નહીં તો શું કરું?"**

**- અમૃત 'ઘાયલ'**


**જાહેરાત ક્રમાંક : હરાજી /૯ / ૨૦૧૫-૧૬, તારીખ : ૪-૧૨-૨૦૧૫**

પંચરાઉ ઈમારતી તથા જલાઉ માલ ખરીદવા ઈચ્છા ધરાવતા ઈસમો તેમજ વેપારીઓ તથા સંસ્થાઓને જણાવવાનું કે, ગાંધીનગર વન વિભાગ હસ્તકના નીચે જણાવેલ પરિક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરીઓના નીચે જણાવેલ ડેપો ઉપર પંચરાઉ ઈમારતી તથા જલાઉ માલનું વેચાણ જાહેર હરાજીથી કરવામાં આવનાર છે. તો રસ ધરાવતા ઈસમોને રૂ. ૧૦,૦૦૦/- અનામત જમા કરાવ્યા બાદ હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીની શરતો હરાજીના દિવસે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. હરાજી રદ કરવાનો નાયબ વન સંરક્ષકશ્રીને અબાધિત હક્ક રહેશે.

| અ. નં | રેન્જ | ડેપોનું નામ | મુદ્દામાલની વિગત | | હરાજીની તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| | | | પંચરાઉ ઈમારતી ઘ.મી. | જલાઉ ક્વિ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | પ.વ.અ.શ્રી આતરસુંબા ફોન નં. ૦૨૬૯૧૨૭૬૯૩૬ | દેવકરણના મુવાડા | ૧.૪૩ | ૪૦૩૪.૫૪ | ૨૧/૧૨/૨૦૧૫ | સવારે ૧૦.૦૦ કલાકે |
| ૨. | પ.વ.અ.શ્રી કલોલ ફોન નં. ૦૨૭૬૪ ૨૨૨૧૫૨ | કલોલ | ૫.૬૪૧ | ૧૫૭.૦૦ | ૨૨/૧૨/૨૦૧૫ | સવારે ૧૦.૦૦ કલાકે |
| | | નારદીપુર નર્સરી | ૪૪.૧૫૬ | ૩૧૮.૦૦ | ૨૨/૧૨/૨૦૧૫ | ૧૨.૦૦ કલાકે |
| ૩. | પ.વ.અ.શ્રી માણસા ફોન નં. ૦૨૭૬૪ ૨૨૨૧૫૨ | માણસા નર્સરી | ૩૩.૫૫૧ | ૧૯૬.૦૦ | ૨૩/૧૨/૨૦૧૫ | સવારે ૧૦.૦૦ કલાકે |
| | | બિલોદરા નર્સરી | ૧૭.૩૭૭ | ૧૯૦.૦૦ | ૨૩/૧૨/૨૦૧૫ | ૧૨.૦૦ કલાકે |
| | | વિહાર નર્સરી | ૧૫.૧૩૨ | ૨૩૧.૦૦ | ૨૩/૧૨/૨૦૧૫ | ૩.૦૦ કલાકે |
| ૪. | પ.વ.અ.શ્રી દહેગામ ફોન નં. ૦૨૭૧૬૨૩૩૦૭૪ | ચાંપલપુર નર્સરી ડેપો | ૪૫.૯૧૦ | ૪૧૪.૦૦ | ૨૮/૧૨/૨૦૧૫ | સવારે ૧૦.૦૦ કલાકે |
| ૫. | પ.વ.અ.શ્રી ઉર્જા ફોન નં. ૦૭૯૨૩૨૪૬૯૨૨ | પાલજ ડેપો નર્સરી | ૨૬૧.૩૭૯ | ૨૧૨૯.૦૦ | ૨૯/૧૨/૨૦૧૫ | સવારે ૧૦.૦૦ કલાકે |
| | | ચ-૦ નર્સરી | ૨૭.૧૮૫ | ૬૭૯.૦૦ | ૨૯/૧૨/૨૦૧૫ | ૩-૦૦ કલાકે |
| ૬. | પ.વ.અ.શ્રી બોરીજ ફોન નં. ૦૨૭૧૬૨૩૩૦૭૪ | જી.ટી.એસ. સેન્ટ્રલ | ૮૦૫.૫૨૧ | ૯૬૪૫.૦૦ | ૩૦/૧૨/૨૦૧૫ | સવારે ૧૦.૦૦ કલાકે |

માહિતી/૧૯૫૨/૧૫-૧૬

સહી/- (કે. ટી. પરમાર)
નાયબ વન સંરક્ષક, ગાંધીનગર



**ટુંકી મુદતની નિવિદા**

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરના કચેરીના ઉપયોગ માટે જરૂરી સ્ટેશનરી અને ચીજ વસ્તુઓ ખરીદવાની થતી હોય તે માટે વિક્રેતાઓ અને રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

સ્ટેશનરી અને ચીજ વસ્તુઓનો નમુનો જોવા માટેતથા ભાવપત્રક મેળવવા માટે તા. ૧૮/૧૨/૨૦૧૫ સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરીની વહીવટી શાખા, બ્લોક નં. ૧૬, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરમાંથી આ અંગેનું ટેન્ડર રૂ. ૧૦૦/- ભરી મેળવવાનું રહેશે.

સંપૂર્ણ રીતે ભરેલા ટેન્ડર તા. ૨૩/૧૨/૨૦૧૫ સુધીમાં કચેરી સમય દરમિયાન રજીસ્ટર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલ આપવાનું રહેશે. ટેન્ડર ડૉક્યુમેન્ટની વિગતો વેબસાઈટ www.reraldev.gujarat.gov.in ઉપર જોવા મળશે.

સહી/-
નાયબ કમિશનર
ગ્રામ વિકાસ - ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૧૯૬૫/૧૫-૧૬



**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**
**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ**
**જાહેર નિવિદા નં.૮ / ૨૦૧૫-૧૬**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર - ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે મુજબના કામોના પેકેજ માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http://rnb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | | |
|---|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીસનની છેલ્લી તારીખ | કામ નં. ૧ થી ૫ | તા. ૨૨.૧૨.૨૦૧૫ સમય ૧૮.૧૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | કામ નં.૧ થી ૫ | તા. ૨૯.૧૨.૨૦૧૫ |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | કામ નં. ૧ થી ૫ | તા. ૨૩.૧૨.૨૦૧૫ સમય ૧૨.૩૦ કલાક |

| | |
|---|---|
| ૧. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એટ વેરીઅર્સ વિલેજ ઈન તાલુકો ગાંધીનગર પેકેજ નં. પીએસજી/૦૧/૨૦૧૫-૧૬ |
| ૨. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એટ વેરીઅર્સ વિલેજ ઈન તાલુકો માણસા પેકેજ નં. પીએસએમ/૦૧/૨૦૧૫-૧૬ |
| ૩. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એટ વેરીઅર્સ વિલેજ ઈન તાલુકો માણસા પેકેજ નં. પીએસજી/૦૨/૨૦૧૫-૧૬ |
| ૪. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એટ વેરીઅર્સ વિલેજ ઈન તાલુકો કલોલ પેકેજ નં. આરપીપીકે/૨/૨૦૧૫-૧૬ |
| ૫. | કન્સ્ટ્ર. ઓફ આંગણવાડી એટ વેરીઅર્સ વિલેજ ઈન તાલુકો દહેગામ પેકેજ નં. પીએસડી/૦૫/૨૦૧૫-૧૬ |

માહિતી/૧૯૬૭/૧૫-૧૬



**કાર્યપાલક ઈજનેર, સચિવાલય સંકુલ, વિદ્યુત વિભાગ, ગાંધીનગર**
**નોટીસ નં. એસકે/3 સને ૨૦૧૫-૨૦૧૬**

કોમ્પ્યુટર કામ / પગારબીલ / એકાઉન્ટ તેમજ ઈ-ટેન્ડર બનાવવાના કામની અનુભવી, પાન નંબર ધરાવતી લોકલ એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૨-૧૨-૨૦૧૫ને સમય ૧૬-૦૦ છે. તેમજ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૨-૧૨-૨૦૧૫ને સમય ૧૭-૦૦ કલાક સુધીમાં કાર્યપાલક ઈજનેર, સચિવાલય સંકુલ વિદ્યુત વિભાગ, એ-બ્લોક, ૧૬ સેક્ટર નં., પાટનગર યોજના ભવન, ગાંધીનગર ખાતે રજી ડી.એ.પો./ સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં સબમીટ કરવાનું રહેશે.

તા. ૯-૧૨-૨૦૧૫
સ્થળ : ગાંધીનગર

સહી/-
(ગુપ્તા એસ.એસ.)
કાર્યપાલક ઈજનેર
સચિવાલય સંકુલ વિદ્યુત વિભાગ,
ગાંધીનગર

માહિતી/૧૯૬૪/૧૫-૧૬